વડોદરામાં VIP સંસ્કૃતિની પરાકાષ્ઠા: સરકારી કચેરીના કમ્પાઉન્ડમાં જ નિયમોના ધુમાડા !

‘ગવર્મેન્ટ ઓફ ગુજરાત’-‘ગુજરાત MLA’ લખેલી ગાડીઓના એન્જિન કલાકો સુધી ચાલુ રહી

ડ્રાઇવરો અને તેમના મિત્રોએ પ્રજાના પૈસે લીધી એસીની મોજ

વડોદરાઃ શહેરની કલેક્ટર કચેરીના પરિસરમાં સંકલન બેઠક ચાલી રહી હતી ત્યારે બહાર પાર્કિંગમાં સરકારી બાબુઓ અને ધારાસભ્યોની વૈભવી ગાડીઓની લાઈનો લાગેલી હતી. ગરમીથી બચવા માટે આ ગાડીઓના ડ્રાઇવરોએ કાચ બંધ કરી, ગાડીઓ ચાલુ રાખીને અંદર એસીની ઠંડી હવામાં આરામ ફરમાવવાનું શરૂ કર્યું હતું. કચેરીના કમ્પાઉન્ડમાં એક-બે નહીં, પરંતુ અનેક સરકારી વાહનો ચાલુ હાલતમાં ઊભા હતા અને તેમાં સરકારી ડીઝલનો ધુમાડો થઈ રહ્યો હતો. સામાન્ય જનતા માટે મોંઘા દાટ ઈંધણના ભાવ આસમાને છે ત્યારે સરકારી બાબુઓને સરકારી ખર્ચે મળતા ડીઝલનો બગાડ કરતા સહેજ પણ સંકોચ ન થયો. આ આખી ઘટનામાં આશ્ચર્ય અને આક્રોશ પમાડે તેવા દ્રશ્યો ત્યારે સામે આવ્યા જ્યારે ‘ગુજરાત MLA’ લખેલી એક વૈભવી મોટી ગાડી પણ ચાલુ હાલતમાં ઊભી હતી અને અંદર એસી ફૂલ સ્પીડમાં ચાલી રહ્યું હતું. આ ગાડીની અંદર બેઠેલી વ્યક્તિની જ્યારે પૂછપરછ કરવામાં આવી ત્યારે ખુલાસો થયો હતો. ગાડીમાં બેઠેલા શખ્સે જણાવ્યું કે, “ગાડીના ઓરિજિનલ ડ્રાઇવર અંદર ઓફિસમાં ગયા છે અને હું તો ડ્રાઇવરનો મિત્ર છું!” એટલે કે, પ્રજાના પ્રતિનિધિની ગાડીમાં સરકારી ડીઝલ કોઈ નેતા કે અધિકારી માટે નહીં, પણ ડ્રાઇવરના મિત્રને એસીની હવા ખવડાવવા માટે બળી રહ્યું હતું. જ્યારે આ મહાશયને યાદ અપાવવામાં આવ્યું કે દેશના વડાપ્રધાને દેશ હિતમાં ઈંધણ બચાવવા માટે અપીલ કરી છે, ત્યારે તમામ નિયમો અને શિષ્ટાચારને નેવે મૂકીને તેણે એવો લૂલો બચાવ કર્યો કે, “ગાડી તડકામાં પડી હતી એટલે એને ઠંડી કરવા માટે ચાલુ રાખી છે!”

ડ્રાઇવરો અને તેમના મિત્રોએ પ્રજાના પૈસે લીધી એસીની મોજ

વડોદરા કલેક્ટર કચેરીનો આ કિસ્સો સરકારી તંત્રની ઘોર બેદરકારી અને વીઆઈપી સંસ્કૃતિના દૂષણને ખુલ્લું પાડે છે. દેશનો સામાન્ય નાગરિક એક-એક લીટર પેટ્રોલ-ડીઝલ માટે પોતાના ખિસ્સા હળવા કરે છે, જ્યારે અહીં ધારાસભ્યની ગાડીમાં ડ્રાઇવરનો મિત્ર એસી ચાલુ રાખીને રોફ જમાવી રહ્યો હતો. વડાપ્રધાનના ‘ગ્રીન ઈન્ડિયા’ અને ‘એનર્જી સેવિંગ’ના સ્લોગન સરકારી કચેરીના ઉંબરે જ દમ તોડી દે છે. શું આ સરકારી બાબુઓ અને નેતાઓના વાહનો માટે કોઈ નિયમો નથી?

જાનહાનિ ટળી પરંતુ વિસ્તારની લાઈટો ગુલ થતા લોકોને હાલાકી

ગોરવાની ફાતેમા રેસીડેન્સી પાસે વીજ ટ્રાન્સફોર્મરમાં આગથી દોડધામ

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

વધતી જતી ગરમી વચ્ચે વડોદરા શહેરમાં આગ લાગવાના બનાવોમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. ત્યારે ગોરવા વિસ્તારમાં ફાતેમા રેસીડેન્સી પાસે ટ્રાન્સફોર્મરમાં અચાનક શોર્ટ સર્કિટ થતા આગ લાગવાનો બનાવ સામે આવ્યો છે.

ટ્રાન્સફોર્મરમાં અચાનક સ્પાર્કિંગ સાથે આગ ભભૂકી ઉઠી હતી. આગના ભડકા અને ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી દેખાતા આસપાસના વિસ્તારમાં દહેશતનો માહોલ સર્જાયો હતો. ગભરાયેલા સ્થાનિક લોકો ઘરોની બહાર દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ વડોદરા ફાયર બ્રિગેડની ટીમ તેમજ ગુજરાત વીજ કંપનીના કર્મચારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. ફાયરના જવાનોએ ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી લીધો હતો અને વધુ નુકસાન થતું અટકાવ્યું હતું. અચાનક સર્જાયેલા શોર્ટ સર્કિટના કારણે આસપાસના વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો.

લાઈટો ગુલ થઈ જતાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ઘટનાને પગલે થોડા સમય માટે વિસ્તારમાં અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. સદનસીબે સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહતી.

જોકે, આ ઘટના બાદ સ્થાનિકોએ માંગ કરી છે કે ટ્રાન્સફોર્મર અને વીજ લાઈનોની સમયસર તપાસ કરવામાં આવે જેથી ગરમીમાં શોર્ટ સર્કિટની આવી ઘટનાઓ ફરી ન બને. ઉલ્લેખનીય છે કે ઉનાળાની શરૂઆત સાથે જ શહેરમાં વીજ ઉપકરણોમાં ઓવરલોડ અને શોર્ટ સર્કિટના કારણે આગના બનાવો વધી રહ્યા છે.

લગ્ન પ્રસંગનું આમંત્રણ આપવા ઘરે જતાં મામલો બિચક્યો

ગોરવામાં બનેવીનો સાળા પર તલવાર અને ડંડાથી હુમલો

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં એક યુવક પર બે શખ્સોએ તલવાર અને ડંડા વડે જીવલેણ હુમલો કરતા વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા યુવકને સારવાર માટે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પોલીસ પણ દોડતી થઈ હતી.

સૂત્રોમાંથી મળતી વિગત અનુસાર ગોરવા વિસ્તારમાં રહેતા અને અહેમદ ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતા ગુફરાન અહેમદ ગત રોજ પોતાના બનેવી સાવેજ અને પરિવારને લગ્ન પ્રસંગનું આમંત્રણ આપવા તેમના ઘરે ગયા હતા. દરમિયાન કોઈ બાબતે બંને પક્ષ વચ્ચે બોલાચાલી અને તકરાર થઈ હતી. તે સમયે આરોપી સાવેજ અને તેનો ભાઈ જાવેદે ગુફરાન અહેમદને “કાલે તને બતાવીએ છીએ” તેવી ધમકી આપી હતી. શનિવારના રોજ સવારે અંદાજે 9થી 10 વાગ્યાની વચ્ચે આરોપી જાવેદ અને સાવેજ તલવાર અને ડંડા જેવા હથિયારો સાથે ગુફરાન અહેમદના ઘર નીચે પહોંચ્યા હતા.

ગુફરાન નીચે આવતા જ બંનેએ તેના પર હુમલો કર્યો હતો. હુમલામાં ગુફરાન ઈજાગ્રસ્ત થતા તેને તાત્કાલિક સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં ગોરવા પોલીસ સ્થળ પર પહોંચી વધુ તપાસ અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે હુમલાખરોને હવે જાણે કાયદાનો કોઈ પ્રકારનો ડર જ ન રહ્યો હોય તેમ બિન્દાસ તરીકે જીવલેણ હુમલા કરીને પોલીસના કાયદાના લીલી રે લીલા ઉડાવી રહ્યા છે. ત્યારે પોલીસ ક્યારે આવા તત્વો સામે સખત રીતે કાર્યવાહી કરશે?

એર ઈન્ડિયાની ફ્લાઈટ્સ રદ, સુધારેલું શિડ્યુલ જાહેર

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

એર ઈન્ડિયા દ્વારા વડોદરા એરપોર્ટનું સુધારેલું શિડ્યુલ જાહેર કરવામાં આવ્યું છે, જેમાં ચાર ફ્લાઈટ્સને રદ કરવામાં આવી છે. એરપોર્ટ ઓથોરિટી દ્વારા જણાવ્યા અનુસાર AI 2866/2867 ફ્લાઈટ 1 જૂનથી 31 જુલાઈ 2026 સુધી રદ રહેશે. જ્યારે, AI 1701/1808 ફ્લાઈટ 1 જુલાઈથી 31 જુલાઈ 2026 સુધી રદ રહેશે. એર ઈન્ડિયા દ્વારા આ ફ્લાઈટ્સ ઓપરેશનલ કારણોસર રદ કરવામાં આવી હોવાનું જણાવવામાં આવ્યું છે. જે યાત્રીઓએ આ તારીખો દરમિયાન ઉપરોક્ત ફ્લાઈટ્સમાં ટિકિટ બુક કરાવી છે, તેમણે એરલાઈન્સનો સંપર્ક કરીને રિફંડ અથવા વૈકલ્પિક ફ્લાઈટની માહિતી મેળવી લેવી. એર ઈન્ડિયા દ્વારા અસરગ્રસ્ત મુસાફરોને એસએમએસ અને ઈમેલ દ્વારા જાણ કરવામાં આવી રહી છે. ઉનાળુ વેકેશનની સિઝનમાં ફ્લાઈટ રદ થવાથી યાત્રીઓને હાલાકી પડી શકે છે.

ઓવરસ્પીડના કારણે ગર્ડર સાથે ટક્કર થતા એરબેગ ખુલી ગઈ

નંદેસરી ચોકડી પાસે કાર એકાએક પલ્ટી મારી જતાં અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

મુંબઈ-દિલ્હી નેશનલ હાઈવે પર અકસ્માત સર્જાયો હતો. હાઈવે પરથી પસાર રહેલી એક્સ્યુવી કારને ગંભીર અકસ્માત નડતા કારના આગળના ભાગે નુકસાન થયું હતું. આ ઘટનાને પગલે હાઈવે પરથી પસાર થતા અન્ય વાહનચાલકોમાં ભારે અરેરાટી ફેલાઈ ગઈ હતી.

મુંબઈ-દિલ્હી હાઈવે પર પૂરઝડપે જઈ રહેલી કાર પાસેના ગર્ડર કે પિલર સાથે કોઈક કારણોસર અથડાઈ હતી. અકસ્માતમાં કારના એરબેગ્સ ખુલી ગયા હોવા છતાં વાહનને ભારે નુકસાન પહોંચ્યું છે. કારની હાલત જોતા અંદાજ લગાવી શકાય છે કે અકસ્માત વખતે કારની ગતિ ઘણી વધારે હશે. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો અને હાઈવે પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. રાહત અને બચાવ કામગીરી હાથ ધરીને કારમાં ફસાયેલા લોકોને બહાર કાઢવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. અકસ્માતને કારણે લોકોએ વાહનો થોભાવતા હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિક જામના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા. પોલીસે ક્રેન બોલાવીને ક્ષતિગ્રસ્ત કારને રસ્તા પરથી હટાવી ટ્રાફિક ખુલ્લો કરાવ્યો હતો.

પ્રાથમિક દ્રષ્ટિએ ઓવરસ્પીડ અથવા ચાલકે સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવતા આ દુર્ઘટના ઘટી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

ચોરીમાં કોઈ જાણભેદુ હોવાની આશંકા

મેકઅપ આર્ટિસ્ટના ઘરથી રૂ.4.44 લાખના સોનાનાં દાગીનાની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

વડોદરા શહેરના અકોટા વિસ્તારમાં રહેતી એક મહિલા મેકઅપ આર્ટિસ્ટના ઘરમાંથી રૂ.4.44 લાખના સોનાના દાગીનાની ચોરી કરી ચોરો ફરાર થઈ ગયા હતા. મહિલાએ અકોટા વિસ્તારમાં આવેલા પોતાના ફ્લેટના બેડરૂમમાં બનાવેલા સીક્રેટ ડ્રોવરમાં સોનાના સિક્કા અને ચેઈનની ચોરી કરી હતી. બનાવ અંગે મહિલાએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. વડોદરા શહેરના અકોટા વિસ્તારમાં મોજમાં હુડા રોડ ઉપર આવેલી અશ્વમેધ 02 સોસાયટીમાં રહેતા જયંતી સુશાંતા ચક્રવર્તી (ઉ.વ.30) મૂળ પશ્ચિમ બંગાળના રહેવાસી છે અને મેકઅપ આર્ટિસ્ટ તરીકે કામ કરે છે. તેઓ પોતાના આઠ વર્ષના પુત્ર સાથે રહે છે. પરિવારની બચતમાંથી તેમણે ચકાભાઈ જવેલર્સ પાસેથી ત્રણ દસ-દસ ગ્રામના સોનાના સિક્કા તેમજ એક આઠ ગ્રામની સોનાની ચેઈન ખરીદી હતી. તમામ દાગીના ઘરના બેડરૂમમાં આવેલા કબાટના સીક્રેટ ડ્રોવરમાં રાખવામાં આવ્યા હતા. ગત 12 મેના રોજ રાત્રે દાગીના સલામત હોવાનું મહિલાએ જોયું હતું. જોકે 15 મેના રોજ વેકેશનમાં બહાર જવા માટે સામાન પેક કરતી વખતે પુત્રે સોનાની ચેઈન માંગતા મહિલાએ કબાટ ખોલ્યું હતું. ત્યારે ત્રણ સોનાના સિક્કા અને ચેઈન ગાયબ હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ ઘરમાં તપાસ કરી તેમજ ભાઈ મલોયકુમાર ઘોષને પૂછપરછ કરી છતાં દાગીનાનો કોઈ પત્તો લાગ્યો નહોતો. ચોર સિક્રેટ લોકર માં મુકેલા 30 ગ્રામના ત્રણ સોનાના સિક્કાની કિંમત રૂ.3.39 લાખ તેમજ 8 ગ્રામની સોનાની ચેઈનની કિંમત રૂ.1.04 લાખ મળી રૂ.4.44 લાખની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

સરદાર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં તસ્કરો ત્રાટક્યા

ઓમ સાંઈ ઈન્ડસ્ટ્રીઝમાંથી દોઢસો કિલોથી વધુના કોપર પાઈપની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

વડોદરા શહેરના આજવા રોડ વિસ્તારમાં આવેલા સરદાર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં ચોરીની ઘટના સામે આવી છે. રોડ નંબર-5 ખાતે આવેલા પ્લોટ નંબર-7 પર આવેલી ઓહ્મ સાંઈ ઈન્ડસ્ટ્રીઝમાં તસ્કરોએ મોડી રાત્રે ઘુસી કોપરનો મોટાપાયે મુદ્દામાલ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં બાપોદ પોલીસ સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી છે.

વડોદરા શહેરમાં આવેલા અલગ અલગ વિસ્તારોમાં મકાન દુકાન અને કંપનીઓને તસ્કરો નિશાન બનાવી ચોરીને અંજામ આપી પોલીસ પેટ્રોલિંગના સરેઆમ લીરેલીરા ઉડાવી રહ્યા છે. પરંતુ પોલીસ ચોરીના બનાવોને ઘટાડવામાં સદંતર નિષ્ફળ જોવા મળી રહી છે. વધુ એક ચોરીનો બનાવ આજવા રોડ પર આવેલા સરદાર એસ્ટેટમાં બન્યો છે. જેમાં એવી વિગત છે કે શુક્રવારે મોડી રાત્રે તસ્કરોએ એસ્ટેટમાં આવેલી ઓમ સાંઈ ઈન્ડસ્ટ્રીઝને નિશાન બનાવી કંપનીમાં રાખેલ કોપરની પાઈપો તેમજ અન્ય કોપરના ભંગાર સહિતનો દોઢસો કિલોથી વધુ મુદ્દામાલ ચોરી કરી લીધો હતો. સવારે કંપની ખુલતા ચોરીની ઘટનાની જાણ થતાં માલિકે તાત્કાલિક બાપોદ પોલીસને જાણ કરી હતી. કંપનીના માલિકે જણાવ્યું હતું કે ચોરો આયોજનબદ્ધ રીતે કંપનીમાં પ્રવેશ્યા હતા અને કિંમતી કોપરનો જથ્થો ઉઠાવી લઈ ગયા હતા.

જોકે ચોરી કરવા માટે આવેલા તસ્કરો કંપનીમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા હતા. હાલ બાપોદ પોલીસ દ્વારા આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસી તસ્કરોને શોધવાના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે તસ્કરો ઈન્ડસ્ટ્રીઝમાં મૂકેલા ડીવીઆર પણ ઉઠાવી ગયા હતા.

વારસીયાની મહિલાએ લોન કરાવવા આપેલા પૈસા પરત ન આપ્યા

પર્સનલ લોનના બહાને મહિલા સાથે રૂ. 2.69 લાખની છેતરપિંડી

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

આજવા રોડ ઉપર રહેતા દંપતિ દ્વારા તરસાલી બાયપાસ વિસ્તારમાં ઓફિસ ખોલી પર્સનલ લોન અપાવવાના બહાને મહિલા સાથે રૂપિયા 3.09 લાખ પડાવ્યા હતા. લોન કરી આપતા ન હોય મહિલા રૂપિયા પરત માંગતા માત્ર રૂ.40 હજાર પરત કર્યા હતા જ્યારે બાકીના રૂ.2.69 લાખ નહી આપી છેતરપિંડી આચરી છે. આ મામલે પોલીસે ઠગ દંપતી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વારસીયા વિસ્તારમાં રહેતી સંગીતાબેન મનોજભાઈ સોલંકીએ મકરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ આરોપી હેમીંગ દિલીપકુમાર પટેલ અને તેની પત્ની ચાંદનીબેન હેમીંગ પટેલ જે એચ.ડી વર્લ્ડ સિદ્ધેશ્વર એફીડેવીટ ઓફિસ ચલાવે છે. તેઓએ પર્સનલ લોન કરાવી આપવાના બહાને તેમની પાસેથી મોબાઈલ ફોન લોન, મનીવ્યૂ એપ્લિકેશન લોન તેમજ હાથ ઉછીના મળી રૂ. 3.09 લાખ મેળવ્યા હતા. જેમાંથી માત્ર રૂ. 40 હજાર પરત આપ્યા બાદ બાકીના રૂ.2.69 લાખ પરત કર્યા નહોતા. દંપતીએ શરૂઆતથી જ વિશ્વાસઘાત કરવાની મનશા રાખી લોન પ્રક્રિયા અંગે કોઈ કાર્યવાહી કરી નહોતી અને મહિલાને રૂપિયા પરત પણ આપ્યા નહોતા. જેથી પોલીસે મહિલાની ફરિયાદના આધારે દંપતી વિરુદ્ધ ગુનો નોંધી તેમને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે. ઉલ્લેખનિય છે કે અગાઉ વારસીયાની એક મહિલા સાથે સોશિયલ મીડિયા દ્વારા સંપર્ક કરી શેરબજારમાં ઉંચા વળતરની લાલચ આપી લાખો રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હોવાનું પણ સામે આવ્યું હતું.

શહેરનો ફતેગંજ બ્રિજ અકસ્માત ઝોન બન્યો

આઈસર અને થ્રી વ્હિલ ટેમ્પો વચ્ચે અકસ્માત સર્જાયો, ચાલક ગંભીર

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

સંસ્કારી નગરી વડોદરાના ફતેગંજ બ્રિજ પર ફરી એકવાર અકસ્માતની ગંભીર ઘટના સામે આવી છે, જેને પગલે સ્થાનિકો અને વાહનચાલકોમાં ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ફતેગંજ બ્રિજ પર એક જમ્બો આઈસર ટ્રક અને થ્રી-વ્હીલર ટેમ્પો વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે થ્રી-વ્હીલર ટેમ્પોના ચાલકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે બ્રિજ પરથી પસાર થતા અન્ય વાહનચાલકો અને આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. લોકોએ ભારે જહેમત બાદ ઈજાગ્રસ્ત ટેમ્પો ચાલકને બહાર કાઢ્યો હતો અને 108 એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

અકસ્માતનો ભોગ બનેલા ટેમ્પો ચાલકના જણાવ્યા અનુસાર, જમ્બો આઈસરનો ચાલક ખૂબ જ બેફામ ગતિએ વાહન હંકારી રહ્યો હતો અને પ્રાથમિક દ્રષ્ટિએ તે નશાની હાલતમાં હોય તેવું લાગી રહ્યું હતું. આઈસર ચાલકની આ ગંભીર બેદરકારીના કારણે જ આ મોટો અકસ્માત સર્જાયો હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. જોકે, આઈસર ચાલક ખરેખર નશાની હાલતમાં હતો કે કેમ તે અંગેનું સાચું કારણ પોલીસ તપાસ બાદ જ સ્પષ્ટ થશે. ઉલ્લેખનીય છે કે, વડોદરાનો ફતેગંજ બ્રિજ હવે અકસ્માત ઝોન બની રહ્યો હોય તેમ અહીં અવારનવાર નાના-મોટા અકસ્માતોની ઘટનાઓ બનતી રહે છે. વારંવાર સર્જાતા અકસ્માતોને કારણે આ માર્ગ પરથી પસાર થતા શહેરીજનોમાં વહીવટી તંત્ર અને ટ્રાફિક પોલીસ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આ સમગ્ર મામલે સ્થાનિક પોલીસ સ્ટેશન દ્વારા અકસ્માતનો ગુનો નોંધીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે, તેમજ આઈસર ચાલકની અટકાયત કરીને તેનું મેડિકલ પરીક્ષણ કરાવવાની તજવીજ પણ શરૂ કરાઈ છે.

સવારે 6 થી 10 સુધી લોટસ ફીડર વિસ્તારમા વીજ પુરવઠો બંધ રહેશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

વડોદરાના અટલાદરા વિસ્તારમાં વીજળી ગુલ રહેશે. 66 કે.વી. વડસર સબ સ્ટેશનમાં રીપેરીંગ કાર્ય હાથ ધરવાનું હોવાથી આવતીકાલે સવારે 6 થી 10 વાગ્યા સુધી વીજ પુરવઠો બંધ રહેશે.સમારકામની અસર લોટસ ફીડર વિસ્તારમાં જોવા મળશે.

મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા દ્વારા જણાવ્યા અનુસાર, કામ પૂરું થયા બાદ વીજ પુરવઠો કોઈપણ જાતની જાણ કર્યા વિના ચાલુ કરી દેવામાં આવશે. ઉનાળાના દિવસો હજુ પૂરા થયા નથી અને તાપમાન 40 ડિગ્રી આસપાસ છે. આથી, ગરમીથી બચવા માટે જરૂરી સાવચેતી રાખવી. વીજ કાપ દરમિયાન પાણીનો સંગ્રહ કરી રાખવો અને ઈન્વર્ટર, મોબાઈલ ચાર્જ કરી લેવા નાગરિકોને અનુરોધ છે. વીજ કંપનીએ જરૂરી કામગીરી માટે નાગરિકોને સહકાર આપવા વિનંતી કરી છે.

ગુજરાતના આરોગ્ય વિભાગમાં મોટો વહીવટી ફેરફાર

સુરતના મેડિકલ સુપ્રિટેન્ડન્ટ ડો. ધારિત્રી પરમાર વડોદરા મેડિકલ કોલેજના ડીન

(પ્રતિનિધિ), વડોદરા. તા.16

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રાજ્યની તબીબી સેવાઓમાં વહીવટી સજ્જડતા લાવવા માટે શનિવારે એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારી નોટિફિકેશન (પત્ર ક્રમાંક: HFWD/0558/05/2026) અનુસાર, રાજ્યના આરોગ્ય વિભાગમાં વર્ગ-1 ના સિનિયર અધિકારીઓની તાત્કાલિક અસરથી બદલી અને નવી નિમણૂકના આદેશ જાહેર કરવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગના ઉપ સચિવ દીપ કે. મોદીની સહીથી બહાર પાડવામાં આવેલી સત્તાવાર અધિસૂચના મુજબ, સુરતની નવી સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક (મેડિકલ સુપ્રિટેન્ડન્ટ - વર્ગ 1) ડો. ધારિત્રી પરમારની જાહેર હિતમાં તાત્કાલિક અસરથી બદલી કરવામાં આવી છે. તેઓને વડોદરા સ્થિત પ્રતિષ્ઠિત સરકારી મેડિકલ કોલેજ ખાતે ખાલી પડેલી ‘ડીન (વર્ગ-1)’ ની મહત્વની જગ્યા પર નિયુક્ત કરવામાં આવ્યા છે. હવે તેઓ વડોદરા મેડિકલ કોલેજના ડીન તરીકે વહીવટી અને શૈક્ષણિક જવાબદારીઓ સંભાળશે. ડો. ધારિત્રી પરમારની બદલી થવાના કારણે સુરતની નવી સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક (વર્ગ 1) ની જગ્યા ખાલી પડી હતી. જેથી હોસ્પિટલનો વહીવટ પ્રભાવિત ન થાય તે માટે સરકારે ત્વરિત વ્યવસ્થા કરી છે. સુરત નવી સિવિલ હોસ્પિટલના ટી.બી. એન્ડ ચેસ્ટ (T.B. | Chest) વિભાગના પ્રોફેસર (વર્ગ-1) ડો. પારુલ વડગામાને તેમની મૂળ ફરજો ઉપરાંત, તબીબી અધિક્ષક તરીકેનો વધારાનો હવાલો (ચાર્જ) સોંપવામાં આવ્યો છે. આ બદલીઓના પગલે વડોદરા સરકારી મેડિકલ કોલેજના તબીબી અધિક્ષક (વર્ગ-1) ડો. આર.જી. ઐયર, જેઓ અત્યાર સુધી વડોદરા મેડિકલ કોલેજના ડીનની ખાલી જગ્યાનો વધારાનો ચાર્જ સંભાળી રહ્યા હતા, તેમને આ જવાબદારીમાંથી મુક્ત કરવામાં આવ્યા છે. તેઓ હવે મેડિકલ સુપ્રિટેન્ડન્ટ તરીકે પોતાની મૂળ ફરજ પર ધ્યાન કેન્દ્રિત કરશે. આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર આ તમામ બદલીઓ અને નિમણૂકો ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવી છે.

આ બદલીઓની જાણ આરોગ્ય મંત્રીના કાર્યાલય, કમિશ્નર (આરોગ્ય), તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી તેમજ સંબંધિત જિલ્લા તિજોરી કચેરીઓને વહીવટી પ્રક્રિયાઓ પૂર્ણ કરવા માટે મોકલી આપવામાં આવી છે.

ST વિભાગમાં બે હજાર ખાનગી કંડક્ટર ડ્રાઈવરની ભરતી કરાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

છેલ્લા કેટલાક સમયથી સતત ધીમીગતિએ ખાનગીકરણ તરફ આગળ વધી રહેલા એસ.ટી. નિગમમાં અંતે બે હજાર જેટલા પ્રાઈવેટ એજન્સીનાં ડ્રાઈવર કંડક્ટરોની ભરતી ફાઈનલ થઈ ગઈ છે. આ અંગે નિગમે ટેન્ડર પણ પ્રસિદ્ધ કરી દીધા છે. અગાઉ યુનિયનોએ ખાનગી ભરતી સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. પરંતુ હવે સરકાર કક્ષાએ નિગમના ઉચ્ચ અધિકારીઓ ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક, જનરલ મેનેજર તથા નિગમના સચિવ, મુખ્ય મહેકમ અધિકારી અને મુખ્ય કામદાર અધિકારી સાથે બેઠકો બાદ સમાધાન સધાયું છે. 2 હજાર ખાનગી ડ્રાઈવર-કંડક્ટર, નિગમમાં 4966-6552 ડ્રાઈવર અને 4570 કંડક્ટરની નવી ભરતી ન થાય ત્યાં સુધી 8 ખાનગી ડ્રાઈવર કંડક્ટરોની ભરતી કરાશે તેવું નક્કી થયું હતું. હવે અચાનક ધોરણે ખાનગી કંપનીના ડ્રાઈવર-કંડક્ટરોની ભરતી પ્રક્રિયા શરૂ કરી દેવાઈ છે.

વડોદરામાં અકસ્માતોની વણઝાર યથાવત

મધ્યરાત્રિએ અક્ષરચોક પાસે નશામાં ધૂત ચાલકે કારને પોલ સાથે ટકરાવી

(પ્રતિનિધિ), વડોદરા. તા.16

વડોદરામાં મોડી રાત્રે બેફામ સ્પીડે વાહનો હંકારનારા અને નશાખોરોને કારણે અકસ્માતોની વણઝાર યથાવત રહી છે. મધ્ય રાત્રે શહેરના પશ્ચિમ વિસ્તારને જોડતા મુખ્ય માર્ગ પર વધુ એક અકસ્માત સામે આવ્યો છે. મધ્યરાત્રિના આશરે 3:30 વાગ્યાના સુમારે અક્ષરચોકથી અટલ બ્રિજ તરફ જવાના માર્ગ પર એક બેકાબૂ કારે ભારે અફરાતફરી મચાવી દીધી હતી. શેલ પેટ્રોલ પંપની બિલકુલ સામે સ્પીડમાં આવતી એક ટેક્સી પાર્સિંગ કાર ડિવાઈડર પર ચઢીને લાઈટના થાંભલા સાથે ધડાકાભેર અથડાતાં અકસ્માત સર્જાયો હતો. મળતી માહિતી મુજબ, મધ્યરાત્રિએ સાડા ત્રણ વાગ્યાની આસપાસ જ્યારે સમગ્ર વિસ્તાર શાંતિથી સૂતો હતો, ત્યારે અચાનક એક પ્રચંડ ધડાકાનો અવાજ સંભળાયો હતો. અક્ષરચોકથી અટલ બ્રિજ તરફ જતા રોડ પર શેલ પેટ્રોલ પંપની સામે, અમદાવાદ પાર્સિંગની એક મારુતિ સુઝુકી ડિઝાયર કાર GJ 01 KT 1425 ના ચાલકે સ્પીડ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. રોડની સાઈડમાં આવેલા ડિવાઈડર પર આ બેકાબૂ કાર એટલી સ્પીડમાં ચડી ગઈ કે ત્યાં વાવેલા 2 થી વધુ મજબૂત વૃક્ષો ક્ષણભરમાં તૂટી પડ્યા હતા.

એટલું જ નહીં, વૃક્ષોને તોડ્યા બાદ પણ કાર ઊભી રહી નહોતી અને સીધી વીજળીના લોખંડના થાંભલા સાથે ધડાકાભેર ભટકાઈ ગઈ હતી. ધડાકો એટલો જોરદાર હતો કે આસપાસની સોસાયટીના લોકો અને પેટ્રોલ પંપનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. અકસ્માતની તીવ્રતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, અથડામણ થતાંની સાથે જ કારની એરબેગ્સ ખુલી ગઈ હતી. એરબેગ ખુલી જવાને કારણે કાર ચાલકનો આબાદ બચાવ થયો છે અને કોઈ મોટી જાનહાનિ નોંધાઈ નથી, જે એક સદનસીબની બાબત ગણી શકાય. જો કે, આ ભયાનક અકસ્માતમાં મોંઘીદાટ ડિઝાયર કારનો આગળનો ભાગ સંપૂર્ણપણે કચડાઈ ગયો હતો અને ગાડી ટોટલ લોસ થઈ ગઈ છે. વીજળીનો થાંભલો પણ નમી પડ્યો હતો.